# ગુરુપૂર્ણિમા

આત્મીય સૂહદજનો.આજના આ ગુરુપૂર્ણિમા એટલે કે વ્યાસ પૂર્ણિમાના પવિત્ર દિવસે સૌને મારા જય ભગવાન, જય પરમાત્મા ,જય IAG. આત્મીયજનો ગુરુપૂર્ણિમામાં ગુરુ બે પ્રકારના હોય છે (1)એક સદગુરુ અને (2)બીજા ગુરુ , બીજા પ્રકારના ગુરુમાં પણ ત્રણ પેટા પ્રકાર છે ૧)એક જન્મદાતા ગુરુ, ૨) બીજા ધંધા (બિઝનેસ) ગુરુ અને ૩)ત્રીજા શિક્ષણ ગુરુ અને પહેલા પ્રકારના સૌથી ઉંચા ગુરુ છે. સદગુરુ એટલે કે વિદ્યાગુરુ.

આત્મીય મિત્રો ૧)જન્મદાતા(માત - પિતા)ગુરુ જેમણે આપણને આ જગતને જોવાનો એક મોકો આપ્યો ,એમના જીવનમાંથી ઘણું બધું જોઈ,જાણી,શીખી અને જીવનમાં ઘણી બધી પ્રગતિ થઈ એટલે આપણા માતા-પિતા જન્મદાતા એમને પણ આજના દિવસે વંદન કરવા જોઈએ, ૨) બીજા પ્રકારના ધંધા ગુરુ એટલે કે બિઝનેસ ગુરુ કે જેમણે આપણને આજીવિકા બાબતે જે સમજણ આપી ,જે માહિતી આપી, જે શિક્ષણ આપ્યું તેમને પણ આજના દિવસે વંદન કરીએ છીએ. કરવા જોઈએ. ૩)ત્રીજા ગુરુ છે શિક્ષણ ગુરુ, આજે શાળા, મહાશાળા કે કોલેજમાં જેમણે આપણ સૌને શિક્ષણ બાબતે જે પણ યથાયોગ્ય પ્રયત્ન કર્યો અને અભણ માંથી સાક્ષર કર્યા તેમજ અન્ય વિષયોનું જ્ઞાન આપ્યું તેવા શિક્ષણ ગુરુને પણ આપણે વંદન કરવા જોઈએ, હવે સદગુરુની વાત કરીએ તો સદગુરુ કે જેમણે આપણને વિદ્યા આપી છે. વિદ્યા એટલે કે જ્ઞાન અને જ્ઞાન દ્વારા આપણા જીવનમાં જે કંઈ પણ પ્રકાશ થયો હોય , આત્મજ્ઞાન અને પરમાત્મજ્ઞાન એટલે કે આત્મ અને પરમાત્મનો જ્ઞાન દ્વારા સાક્ષાત્કાર માટે માર્ગદર્શક બન્યા હોય તેવા સદગુરુને આપણે સતશ નમન કરવા જોઈએ.વંદન કરવા જોઈએ.

આત્મીય મિત્રો. થોડી વાત કરું, એ પહેલા બે શ્લોક જરા જોઈ લઈએ.

(१) गुरु ब्रह्मा गुरु विष्णु, गुरु देवो महेश्वर:
गुरु साक्षात परब्रह्म , तस्मै श्री गुरुवे नमः ।

(२) अज्ञान तिमिरा अंधस्य ज्ञानाजन सलाकया:
चक्षु उन्मीलितम एनम तस्मै श्री गुरुवे नमः ।

ઉપરના બંને શ્લોકોમાં સમજવા જેવી વાત એવી છે કે પ્રથમ શ્લોકનો નવીન અર્થ આમ પણ થાય કે " બ્રહ્મા મારા ગુરુ,વિષ્ણુ મારા ગુરુ અને મહેશ(શિવ,શંકર) મારા ગુરુ એ પરમેશ્વર સાક્ષાત પરબ્રહ્મ છે.તે ગુરુ પરમેશ્વરને મારા વંદન." મતલબ બ્રહ્મા ,વિષ્ણુ અને મહેશ એ ત્રણ એક પરમેશ્વરના જ નામ છે.તો પરમેશ્વર મારા ગુરુ.બીજો અર્થ આપણે જુના અર્થમાં જાણીએ કે આપણા સદગુરુ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા(સમાન,સરખા) હોય છે,એનો મતલબ કે તેઓ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની (સૃષ્ટિ સર્જક પરમેશ્વર) ની જગ્યા લઈ શકતા નથી. ભગવાનની જગ્યા લઈ શકતા નથી, પરંતુ એ આ ભગવાનના ત્રણ સ્વરૂપ જેવું કામ કરે છે,જેમ કે આપણા જીવનમાં જ્ઞાન આપી ઘણા અંશે ફેરફાર લાવે છે, ગુણનું સર્જન , ગુણ નું સંરક્ષણ અને અવગુણોનો નાશ આ ત્રણ કામ કરતા હોવાથી આપણે એ ત્રણ દેવો જેવા એવું નામ લઈએ છીએ, બીજા શ્લોક માં અજ્ઞાનરૂપી અંધારાને જ્ઞાનરૂપી સળી વડે અજ્ઞાનને દૂર કરનાર સદગુરુને મારા વંદન. .

આત્મીજનો પરમાત્મા અને પરમાત્માનું પ્રતિનિધિત્વ કરતા 10 અવતારની જગ્યાએ સદગુરુ કદી પણ બેસી ન શકે, હા, જેમણે આપણને જ્ઞાન આપ્યું છે તેમને નમસ્કાર, વંદન અને સાથે યથા યોગ્ય તન, મન અને ધનથી સેવા કરવી જોઈએ, પરંતુ આજના દિવસે પહેલું પૂજન તો પરમ પિતા પરમાત્મા પરમેશ્વરનું જ થવું જોઈએ. બીજા પૂજનમાં જન્મદાતા મા -બાપનું થવું જોઈએ ,ત્રીજા પૂજનમાં સદગુરુ થવું જોઈએ અને ચોથા પૂજનમાં શિક્ષણ ગુરુ અને પછી પાચમુ બિઝનેસ ગુરુ નું પૂજન થવું જોઈએ, ત્યારે જ સાચા અર્થમાં ગુરુપૂર્ણિમા ઊજવી કહેવાશે, આપણે સદગુરુને ભગવાનની સ્થાને બેસાડી અને ભગવાનને નાના કરી દઈએ ને ગુરુનો મોટો ફોટો મંદિરમાં અને ભગવાનનો નાનો ફોટો દિવાલ ઉપર લટકતો રહે એ રીત યોગ્ય ન કહેવાય, તો આ દિવસને આપણે બરાબર સમજ્યા નથી એ સાબિત થશે, તો મિત્રો આવો આજે આપણે પહેલા પરમાત્માનું પૂજન કરી અને પછી સદ્ગુરુનું પૂજન કરી સાચા અર્થમાં ગુરુપૂર્ણિમાનું ઉજવણી કરી, જીવનને સાર્થક બનાવવાનો પ્રયત્ન કરીએ.

~આજા માનવના જય પરમાત્મા.

" વૈશ્વિક જીવન દર્શની "કલોલ.